## –::: " જીતી ગયા, જે ઝકાત આપી પાકો સાફ થયા " :::–

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં નબીયુલ્લાહ મોહંમદ મુસ્તફા (સ.અ.વ.વ.) ને વાસ્તે ફરમાવું છે કે, **"ખુઝ મિન અમ્વાલેહીમ સદકતન તોતાહહિરહિમ વતોઝક્કીહિમ બેહા વસલ્લે અલયહિમ ઇન્ના સલાતકા સકનુલ્લહુમ,"** અય અલ્લાહના રસૂલ, તમે લોગોના માલમાંથી ઝકાત લો. એ લોગોને પાક કરો અને એનાથી ચોખ્ખા કરો અને એ લોગો વાસ્તે દોઆ કરો, તહેકીક કે તમારી દોઆ એ લોગો વાસ્તે સુકૂન છે. આ સદકાની વાત પર અહલે કિબ્લા ઇત્તેફાક કરે છે કે, આ સદકો એ ઊંટ, ગાય અને બકરાઓની ઝકાત છે અને એ ચીઝની ઝકાત છે જે લોગોના માલ પર વાજિબ થાય છે અને જે ઝમીન માંથી ઉગે છે. જે લેવામાં આવે એ લોગોથી એક વરસમાં એક વક્તમાં અલ્લાહના મહીના રમઝાનના મુબારક અય્યામમાં અને તેનુ નામ રાખવામાં આવેલું છે **"ઝકાત"**. અલ્લાહતઆલાએ ઝકાતના સબબ માલની તઝકીયત-પાકીઝગી કીધી છે અને જે કદરથી એને લેવામાં આવે છે અને જે લોગોને પાસેથી એ લેવામાં આવે છે તે મશહૂર, માઅરૂફ અને મફહૂમ છે. જો અગર હમેં ફિકેહના કિતાબોની એ તમામ રિવાયત બયાન કરીએ તો આ મઝમૂન ઘણો દરાઝ થઈ જાય.

હકીકતમાં અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને જ ફરમાન કીધું છે કે, ઝરદાર અને દૌલતમંદના માલમાંથી ઝકાત તલબ કરે અને એ તમામ જગાઓમાં ખર્ચે જેની ઝિક્ર અલ્લાહતઆલાએ એની કિતાબમાં કીધી છે. અલ્લાહતઆલાનું ફરમાન છે કે, આ ઝકાત ફકીરને વાસ્તે, મિસ્કીનોને વાસ્તે, જે લોગો ઝકાત ઉઘરાવીને લાવે, લોગોના દિલો ને જોડી રાખવા વાસ્તે, કેદીઓને છોડાવવામાં, દેનદારોનું દૈન અદા કરવામાં, અલ્લાહની રાહમાં અને રસ્તો ભટકાઇ ગયેલાઓને તકસીમ કરવું ફર્ઝે ઐન છે. **અલ્લાહતઆલાએ મુસ્લેમીન પર તેઓના માલમાંથી ઝકાત નીકાલવાનું ફરઝ કીધું છે.** આ એક વરસમાં એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અરઝ કરવાનું અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર એને એની મુનાસિબ જગાઓમાં જેને અલ્લાહતઆલાએ નામ લીધા છે તેમાં ખર્ચ કરવું ફરઝ કીધું છે. તેથી અહલે ઈસ્લામ આપના આમિલોને એ ચીઝ અરઝ કરતા હતા જે વક્ત આપ (સ.અ.વ.વ.) તેઓને ઝકાત ઉઘરાવવા મોકલતા હતા. જે વક્ત આપ (સ.અ.વ.વ.) ઈન્તેકાલ ફરમાવી ગયા તો એક પણ મુસલમાને એમ ન કહ્યું કે, હવેથી આ ફરઝ મિટી ગયું. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ આપની મસનદ પર ગૈર અહલના લોગો બેસી ગયા તેના આમિલોને લોગો ઝકાત આપતા હતા. યહાં તક કે લોગોએ જોયું કે, બની ઉમૈયાના બાદશાહોએ ઈસ્લામી શહેરો પર જોરો ઝુલ્મથી કબ્ઝો જમાવો છે અને આ ઝકાતને ઝબરદસ્તીથી ઉઘરાવે છે પણ એની મુનાસિબ જગાએ ખર્ચ કરતા નથી. લોગોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બાઝ અસ્હાબને આ બાબત પૂછ્યું તો એ લોગોએ કહ્યું કે, તમેં એમને તમારાથી જે બને તે આપી દો. તો લોગોએ એ મુજબ અમલ કીધો અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે મુજબ ઝકાતને તકસીમ કરતા હતા એ મુજબ એ ઝાલિમોને અમલ કરવાનું યાદ દેવડાવું. બાઝ અસ્હાબ તો એમ પણ કહેતા હતા કે, તમેં એ ઝાલિમ લોગોને આપી દો ભલે ને તેઓ તેનાથી સાંપ નો ગોશ્ત ખાય ! બાઝ તો એમ કહેતા હતા કે, તમેં એ જાબિર બાદશાહોથી જાન છોડાવવા જે આપવું હોય તે આપી દો, ભલેને એ શરાબખ્વારીમાં યા સૂવરનો ગોશ્ત જમવામાં ખર્ચ કરે. બાઝ અકલમંદ લોગો એમ કહેતા હતા કે, **જે તમારે પર વાજિબ છે તે તમેં અદા કરી દો અને જે એ લોગો પર લાઝિમ છે તે એ કરશે.** શું તમે નથી સોચતા કે, તમેં ચંદ ચોરોને પકડો, થોડાના હાથને કાપી નાખો અને થોડાને છોડી મુકો ? તો શું તે ઈન્સાફ કહેવાશે ? ના ! એ લોગો કહેતા કે, તમેં એને આપી દો અને એને એના હાલ પર છોડી દો, એને જે કરવું હોય તે કરે. હવે કોઈ શખ્સ તેના પર જે વાજિબ છે તેમાં નાઈન્સાફી કરે તો તેએ ગુનાહોના બોઝને પોતાના માથે લીધો. આ મુજબની હુજ્જતો-મુનાઝેરા અને કીલોકાલ જે લોગોએ હક્કના ઈમામોને ન માના અને આલે મોહંમદ (સ.અ.) ના દામનને છોડું એ લોગો દરમિયાન થાતા હતા.

મિસાલના તૌર પર એક મર્દને વાસ્તે બીજા મર્દ પર દૈન છે અને બીજા મર્દને વાસ્તે તીસરા મર્દ પર દૈન છે. હવે તીસરો મર્દ બીજા મર્દને ખબર કીધા બગૈર પહેલા મર્દને દૈન અદા કરી દે તો તીસરો મર્દ બીજાનો અને બીજો પહેલાનો કરઝદાર રહેશે. પણ વાજિબ તો એ હતું કે તીસરો મર્દ બીજાને અને બીજો પહેલાને પોતાનું દૈન અદા કરતો. આ જ શાકેલત પર ઝકાતની અદાયેગીનો હુકુમ પણ વાજિબ થાય છે. અલ્લાહતઆલાએ લોગો પર ઈમામ આલી મકામને ઝકાત આપવું વાજિબ કીધું છે અને ઈમામ પર હક્કદારોને દરમિયાન તકસીમ કરવું. જો અગર કોઈ મુસલમાન ઈમામને એક તરફ રાખીને એના દૈનને સીધું હક્કદારોમાં અદા કરે તો **મુમિન ઇમામે હક્કનો કરઝદાર રહેશે અને ઇમામે હક્ક ઝકાત લેનારના કરઝદાર રહેશે અને શરીઅતમાં આ અમલ હરગિઝ જાઇઝ નથી.** જો કોઈ આ મુજબના અમલ કરે તો તે ગૈર આદેલાના કહેવાશે, તે ગુનાહોને પોતાને માથે ઓઢશે અને તેને અઝાબ ઉચકવો પડશે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, તમારા વાસ્તે મુકર્રર કરવામાં આવેલું છે તેને પર જ તમારો માલ ખર્ચ કરો દાઅવતે હાદીયાના સાલેહીન એક દિગર મિસાલ આપીને ઈમાનદારોને સમઝાવે છે કે, અગર એક શખ્સ બીજા શખ્સન પોતાના માલ પર ઈખ્તેયાર આપે કે, તેના માલને તેની બતાવેલી ગિન્તી માં ફલાના શખ્સને આપવાનો છે અને તે શખ્સ કહેવામાં આવેલા શખ્સને બદલે તેના અહલો અયાલમાં આપે તો એની ખર્ચ કરવાની શર્ત પર તો એનો આ અમલ જે શખ્સે એને હુકમ કીધો એ મુજબ બરાબર છે, એમા કોઈ ખયાનત નથી. જે શખ્સને વકીલ બનાવવામાં આવો હતો તેના તરફથી કુસૂર અને નાઈન્સાફી પણ ન થઈ. અગર આ બેવે શખ્સ નાઈન્સાફી કરે અને સોંપનારના કહેવા મુજબ અમલ ન કરે અને ગૈરને આપી દે તો એની સઝા એને ભુગતવી પડશે. આ વાત પર તમામ અહલે ઈસ્લામ મુત્તફિક છે કે, કોઈ શખ્સ આ મુજબ અમાનતમાં ખયાનત કરે અને કૌલો મીઆદને ઉલટાવી દે તો તે સઝા ને કાબિલ છે.

મુમીનને જાણવું જોઈએ કે, જે ઝકાત એ લોગો પર અલ્લાહતઆલાએ વાજિબ કીધેલી છે તે તમારે વાસ્તે નથી યા તો તમારા માલમાં નથી ગણાતી પણ એ તો અલ્લાહતઆલાની અને તેના રસૂલની તમારા હાથમાં અમાનત છે. કેમકે અલ્લાહતઆલા ફરમાવે છે કે, અય ઈમાનદારો, તમેં અલ્લાહમાં અને એના રસૂલમાં ખયાનત ન કરો તમારી અમાનતોમાં જો તમેં ઈલ્મ રાખતા હોવ. તે જ વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **ઝકાતથી માલની મિકદારમાં કદી પણ નુકસાન થાતું નથી.** જો અગર ઝાહિરી તૌર પર આ કૌલ પર ગૌર કરીએ તો એ માલના નુકસાનની ગિનતી છે કે જે વક્ત એમાંથી ઝકાતને નીકાલી દેવામાં આવે. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો ઈરાદો એ છે કે, આ તો ઝકાતનો માલ છે કે જે તેના હાથમાં નથી રહેતો કે અગર અલ્લાહતઆલા એ એને નીકાલવાનું જ વાજિબ કીધેલું છે અને તેના નીકાલવા બાદ જે માલ બાકી રહ્યો તે એજ માલ છે જે બીજા લોગો વાસ્તે તેના હાથમાં અલ્લાહની અમાનત છે. લેહાઝા ઝકાત જેને સદકાનુ પણ નામ આપવામાં આવે છે, તે લોગો પર વરસમાં એક વક્ત એના તરહ તરહના માલમાં વાજિબ થાય છે જેને રસૂલે ખુદા (સ.અ.વ.વ.) અદા લેતા હતા. **અઇમ્મતે હક્ક તે વાસ્તે લોગોને પાસેથી ફરઝી તૌર પર ઝકાત લેતા હતા અને તે કોઇ જે ઝકાતને રોકે એનાથી જેહાદ કરતા હતા.** કેમકે અલ્લાહતઆલાએ લેવાનું ફરમાન કીધું હતું અને અઈમ્મતે હક્ક જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મકામે રિસાલત પર પધારા એ લોગોએ પણ આ અમલ જારી રાખો. અગર આ સહી ન હોત તો ખલીફએ અવ્વલ બનુ હનીફાના કબીલામાં લશ્કરને ખૂંરેઝી કરવા ન મોકલેત પણ તે લોગોએ ઝકાતના માલને રોકી લીધો હતો તેથી. જ્યારે બીજાઓ ઝકાતના માલને લેવાનો પોતાનો હક્ક સમઝતા હતા તો અઈમ્મતે હક્ક (અ.સ.) તો એ અમલ કરવામાં ઝિયાદહ હક્કદાર હતા અને ઈન્કાર કરનાર પર ઝિયાદહ સખત કદમ લેવા વાસ્તે મુખ્તાર હતા. ★